ઉનાળુ મગફળીના વાવેતરમાં ભાવનગર નંબર વન

માર્ચના આરંભે કુલ ઉનાળુ વાવેતર ૧૮,૪૦૦ હેકટર હતુ તે હવે વધીને ૫૧,૭૦૦ હેકટર

ભાવનગર, તા.૧૯

ભાવનગર જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરમાં મુખ્ય પાક મગફળી, બાજરી અને તલ હોય છે. જેમાં ઉનાળા આરંભે જ ગરમી પડવા લાગી છે. ત્યારે કુલ વાવેતર ૫૧,૭૦૦ હેકટરમાં થયું છે. જે સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ છે. ભાવનગર જિલ્લામાં ઘાસચારાનું વાવેતર ૨૦,૦૦૦ હેકટરમાં થયું છે. માર્ચના આરંભે ભાવનગર જિલ્લામાં કુલ ઉનાળુ વાવેતર ૧૮,૪૦૦ હેકટર હતુ તે હવે વધીને ૫૧,૭૦૦ હેકટર થઈ ગયું છે. ભાવનગર જિલ્લામાં ડુંગળીનુ કુલ વાવેતર ૫૯૦૦ હેકટર થઈ ગયું છે. જિલ્લામાં ઉનાળુ વાવેતર શરૂ થયું છે. જેમાં અત્યાર સુધીમાં સૌથી વધુ બાજરીનું વાવેતર નોંધાયું છે. ત્યારબાદ મગફળી, મગ અને ડુગળીનું વાવેતર નોંધાયું છે. આ ઉપરાંત ઘાસચારો અને શાકભાજીનું વાવેતર પણ વધ્યું છે.ભાવનગર જિલ્લામાં હાલ ઉનાળુ વાવેતર હજુ પણ શરૂ છે. ગુજરાત રાજયમાં ઉનાળુ વાવેતરમાં માર્ચના આરંભે મગફળીનું કુલ વાવેતર ૩૧,૧૦૦ હેકટરમાં થયું છે તેમાં એકલા ભાવનગર જિલ્લામાં કુલ વાવેતર ૭૯૦૦ હેકટરમાં થયું છે. એટલે કે ૨૫.૪૦ ટકા વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું છે. આમ પણ દર વર્ષે ઉનાળુ વાવેતરમાં ભાવનગર જિલ્લો મગફળીના વાવેતરમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અગ્રતાક્રમે હોય છે.

મગફળીના વાવેતરમાં સમગ્ર રાજયમાં ભાવનગર જિલ્લો આ વખતે પણ પ્રથમ ક્રમે રહ્યો છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ઉનાળુ મગફળી ના ૨,૨૩૩ ગુણીની આવક થઈ હતી. જેના મણના નીચા ભાવ ૯૫૧ રૂપિયા રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૫૯૨ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં નારિયેળના ૨૩૧૫૬ નંગની આવક થઈ હતી. મણનાં નીચા ભાવ ૪૧૫ રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૭૦૦ રૂપિયા રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ચણા ના ૧૪૨ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૬૩૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૯૯૫ રૂપિયા સુધીના રહ્યા હતા મહુવા માર્કેટિંગ યાર્ડમાં, સફેદ ડુંગળીના ૧૬૯૩૮ કટ્ટા આવક થઈ હતી. મણના નીચા ભાવ ૧૨૫ રહ્યાં હતાં અને ઊંચા ભાવ ૩૨૯ રૂપિયા રહ્યા હતા.

મહુવા માર્કેટિંમાં યાર્ડમાં લાલ ડુંગળીના ૭૪૫૩ કટ્ટાની આવક થઈ હતી જેના એક મણના નીચા ભાવ ૫૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૩૧૯ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના ૩૬૩ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૩૮૦ રહ્યા હતા અને ઊંચા ભાવ ૭૪૯ રૂપિયા સુધીના રહ્યા હતા મહુવા માર્કેટિંગ યાર્ડમાં બાજરીના ૫૧૪ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૩૫૨ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૧૧ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં કપાસની ૧૨૪ ગાંસડીની આવક થઈ હતી જેના એક મણના નીચા ભાવ ૧૧૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૪૬૮ સુધીના રહ્યા હતા.

મુખ્ય મંત્રીના નેતૃત્વમાં મંત્રી મંડળના મંત્રીશ્રીઓ દ્વારા

ચિંતન શિબિર માટે એસ ટીની વોલ્વો બસમાં સામૂહિક પ્રવાસ

ગાંધીનગર, તા.૧૯

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ રાજ્ય ના પ્રશાસનિક તંત્ર ને જન સેવા માટે વધુ લોકાભિમુખ બનાવવા ના અભિનવ વિચાર સાથે તેમના મુખ્ય મંત્રી તરીકેના કાર્યકાળ માં ૨૦૦૩ થી શરુ કરેલી ચિંતન શિબિર ની આ ૧૦ મી ચિંતન શિબિર આજથી ત્રણ દિવસ માટે એકતા નગર સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર માં શરૂ થઈ રહી છે.

આ શિબિરમાં સહભાગી થવા મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સૌ મંત્રીઓ તેમજ મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને રાજ્ય સરકાર ના વરિષ્ઠ સચિવો તથા જિલ્લાઓના કલેકટર , જિલ્લા વિકાસ અધિકારીઓ અને અન્ય અધિકારીઓ સૌ કોઈ પોતાના સરકારી વાહનને બદલે એસ ટીની વોલ્વો બસમાં સહપ્રવાસી બનીને ગાંધીનગર તેમજ અલગ અલગ સ્થળોએથી રવાના થયા હતા.

ગાંધીનગરથી મંત્રી મંડળ નિવાસ સંકુલ ના કોમ્યુનિટી સેન્ટર ખાતે થી મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ માટે એક વોલ્વો ઉપરાંત મુખ્ય સચિવ શ્રી અને અન્ય વરિષ્ઠ સચિવો માટે ૪ વોલ્વો, ઉત્તર ગુજરાતના જિલ્લાઓના અધિકારીઓ માટે અમદાવાદ સર્કિટ હાઉસ થી તેમજ મધ્ય ગુજરાતના જિલ્લાઓના અધિકારીઓ માટે વડોદરાથી, દક્ષિણ ગુજરાત માટે સુરત થી તેમજ જિલ્લાઓના અધિકારીઓ માટે અમદાવાદ સર્કિટ હાઉસથી તેમજ મધ્ય ગુજરાતના જિલ્લાઓના અધિકારીઓ માટે વડોદરાથી, દક્ષિણ ગુજરાત માટે સુરત થી તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓ માટે રાજકોટ થી એમ સમગ્રતયા ૯ વોલ્વો બસ મારફતે ૨૧૮ જેટલા લોકો બપોરે એકતા નગર પહોચ્યા હતા.

વિવાદ વચ્ચે હવે બેના બદલે એક દિવસ જ દિવ્ય દરબાર યોજાશે

કોંગ્રેસના આક્ષેપો પર આચાર્યશ્રી પ્રમોદ મહારાજ જણાવ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રી ભક્તો અને સનાતનીઓના સવાલોના જવાબ આપશે અને કોઈ રજીસ્ટ્રેશન નથી

અમદાવાદ, તા.૧૯

બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ગુજરાતમાં આવવાના છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં બાગેશ્વર સરકારનો દિવ્ય દરબાર ભરાવાની વાત છે તો અમદાવાદ અને સુરતમાં પણ દિવ્ય દરબારનો કાર્યક્રમ યોજાવાનો છે. તમને જણાવી દઈએ કે, અમદાવાદમાં બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર કાર્યક્રમમાં ફેરફાર થયો છે. ૨ દિવસના બદલે એક દિવસ ૨૯ મેના જ દિવ્ય દરબાર યોજાશે.

ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ આચાર્ય પ્રમોદ મહારાજનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રીના સ્વાગત માટે તૈયારીઓ કરાઈ રહીં છે જેમાં ઢોલ, નગારા સાથે ઋષિ કુમારો સ્વાગત કરશે. કોંગ્રેસના આક્ષેપો પર આચાર્યશ્રી પ્રમોદ મહારાજ જણાવ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રી ભક્તો અને સનાતનીઓના સવાલોના જવાબ આપશે અને કોઈ રજીસ્ટ્રેશન નથી, કોઈ પણ આવી પોતાની અરજી લગાવી શકશે. તેમણે કહ્યું કે, અમે રાજનેતાઓના આક્ષેપોનો જવાબ નહીં આપીએ તેમજ રાજકીય લોકો તેમની રાજનીતિ કરે અમે અમારુ કામ કરીશુ.

ધીરેન્દ્ર શાસ્ત્રીના પ્રવાસને લઈ આયોજક કમિટીના સભ્ય અમીત શર્માનું નિવેદન સામે આવ્યું છે, તેમણે જણાવ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રીના સ્વાગત અને રહેવાની તૈયારીઓ થઈ રહીં છે અને ધીરેન્દ્ર શાસ્ત્રીના રહેવા માટે બંગલાનું રિનોવેશન કરાઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, બંગલામાં રહેલી તમામ વસ્તુઓનો ધીરેન્દ્ર શાસ્ત્રી પ્રથમવાર જ ઉપયોગ કરશે. ધીરેન્દ્ર શાસ્ત્રીના રસોયાઓ દ્વારા લિસ્ટ અપાયુ છે. જેમાં ધીરેન્દ્ર શાસ્ત્રીને લસણ અને ડુંગળી વિનાનું ગુજરાતી ભોજન પણ પીરસાશે. ૨૬ અને ૨૭ મેના રોજ સુરત ખાતે પણ બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. શહેરના લિંબાયતના નિલગીરી મેદાન ખાતે બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. નિલગીરી મેદાનમાં સાંજે પથી રાતના ૧૦ વાગ્યા સુધી ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર ભરાશે. આ પહેલા સુરતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારનો વિરોધ થઈ રહ્યો છે. સુરતમાં અંધશ્રદ્ધા નિવારણ શાખાએ કાર્યક્રમનો વિરોધ કર્યો છે. અંધશ્રદ્ધા નિવારણ શાખાએ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો કાર્યક્રમ રદ કરવાની માંગણી કરી છે. આ માટે સુરત કલેક્ટર અને પોલીસ કમિશનરને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં કાર્યક્રમથી અંધશ્રદ્ધા ફેલાતી હોવાથી મંજૂરી ન આપવા માંગ કરી છે. બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી રાજકોટ પણ આવી રહ્યા છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં દિવ્ય દરબાર ભરાવા જઈ રહ્યો છે.

બાબા બાગેશ્વર ભાજપનું માર્કેટિંગ કરી રહ્યા છે : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં બાબા બાગેશ્વરના ગુજરાત આગમન પહેલા જ રાજકારણ ગરમાયું છે. જેની વચ્ચે હવે પૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહ વાઘેલાએ ભાજપ પર નિશાન સાધતા આક્ષેપ કર્યો છે કે બાબા બાગેશ્વર ભાજપનું માર્કેટિંગ કરી રહ્યા છે. ભાજપે ધર્મના નામે રાજકીય લાભ ખાટવાનું બંધ કરવું જોઈએ. સુરતના એક કાર્યક્રમમાં હાજર રહેલા શંકરસિંહ વાઘેલાએ બાબા પર પ્રહાર કરીને ચમત્કારના નામે થતાં નાટકો બંધ કરવાની સલાહ આપી છે. તો ભાજપને ધર્મના નામે રાજકીય લાભ ખાટવાનું બંધ કરવાની સલાહ આપી છે. બાબાના ગુજરાત પ્રવાસને લઈ રાજકીય દાવ પેચ ખેલાઈ રહ્યા છે. ધર્મના નામે બાબા બાગેશ્વર ધતીંગ કરતાં હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું. ભાજપ બાબા બાગેશ્વરનો રાજકીય ઉપયોગ કરે છે.

અમદાવાદમાં કેમ્પ હનુમાન મંદિરમાં પ્રસાદ લઈ જવા પર પ્રતિબંધ મુકાયો

કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આર્મીના નિયમો લાગુ થાય છે, તેથી સુરક્ષાના કારણોસર કોઈ પણ વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ છે

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં કેમ્પ હનુમાન મંદિરમાં પ્રસાદ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ત્યારે પ્રસાદ લઈ જવા પર પ્રતિબંદથી ભક્તોમાં નારાજગી જોવા મળી રહી છે. પ્રસાદ મુદ્દે મંદિરના ટ્રસ્ટ્રી સુધીર નાણાવટીનું નિવેદન સામે આવ્યું છે.

જેમાં કેન્ટોનમેન્ટ વિસ્તારમાં કેમ્પ હનુમાન મંદિર આવેલ છે. કેન્ટોનમેન્ટ વિસ્તારમા આર્મીના નિયમો લાગુ થાય છે. આર્મી અમને જે નિયમ કહે તેનું અમારે પાલન કરવાનું હોય છે.

સુરક્ષાના કારણોસર કોઈ પણ વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ છે. કેમ્પ હનુમાન મંદિર તરફથી ઘી ના મગસનો પ્રસાદ અપાતો હતો. ત્યારે મંગળવાર અને શનિવાર સિવાયનાં દિવસોમાં પ્રસાદની માંગ રહેતી હતી. કોરોનાં વખતે લાડુનો પ્રસાદ બંધ કરી દેવામાં આવ્યો હતો. જે બાદ પણ વિવાદ થયો હતો. તો પણ ટ્રસ્ટ્રીઓ દ્વારા પ્રસાદ શરૂ કર્યો ન હતો. તેમજ બહારથી આવતા પ્રસાદ પર પણ પ્રતિબંધ ફરમાવી દીધો હતો.

ટ્રસ્ટ્રીઓ અને પૂજારીઓ વચ્ચે ચાલી રહેલા વિવાદનાં કારણે અચાનક પ્રસાદ બંધ કરી દેવાયો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

સેક્ટર-૬ માં શહેરી બસ સેવાનું બસસ્ટેન્ડ આવેલુ છે. બસસ્ટેન્ડની નજીકમાં જ બસોને વોશ કરાય છે જેથી અહીં પાણીના ખાબોચિયા ભરાયા છે. વારંવાર અહીં પાણી પડતા રોડ પણ તુટી ગયો છે. જેના કારણે મુસાફરોને તકલીફ પડે છે.

ફૂતરું કરડતાં ભૂવા પાસે વિધિ કરાવનારી યુવતીનું મોત

સુરત, તા.૧૯

૬ મહિના પહેલા રખડતા કુતરાએ બચકુ ભર્યા બાદ હડકવાની અસર જણાતા સિવિલમાં દાખલ કરાયેલી મોરાભાગળની ૧૮ વર્ષની યુવતીને ચાલુ સારવાર છોડી પરિવારના સભ્યો ભુવા પાસે લઈ ગયા હતા. ૧૮ વર્ષીય યુવતી બે-ત્રણ દિવસથી તબીયત ખરાબ થયા બાદ વિચિત્ર હરકતો કરતી હતી. મોત બાદ પરિવારના મહિલા, બાળકો સહીત ૩૦ લોકો એક સાથે સુરત સિવિલ હોસ્પિટલમાં ડોગ બાઈટનું ઈન્જેકશન લેવા માટે પહોંચ્યા હતાં. આ યુવતીને સિવિલમાં ખસેડાયા બાદ તેને હડકવાની અસર થયાનું નિદાન કરાયું હતું. જોકે મોડી રાત્રે પરિવાર તબીબી સલાહ વિરૂધ્ધ રજા લઈ જ્યોતીને ઘરે લઈ ગયો હતો.આખરે સવારે યુવતીએ દમ તોડી દીધો હતો. જ્યાં તેમણે ભુવાને બોલાવી વિધી કરાવી હતી. ભુવાએ પણ અસમર્થતા બતાવતા યુવતીને બાંધી દેવાઈ હતી. આખરે સવારે યુવતીએ દમ તોડી દીધો હતો.

સુરતમાં સર્ગભા મહિલાનું હાર્ટએટેકથી મોત નિપજ્યું

થોડા દિવસ પહેલા સુરતના જુદા જુદા વિસ્તારમાં ૧ મહિલા, ૫ પુરુષ સહિત ૬ લોકોના મોતથી હાહાકાર મચી ગયો હતો

સુરત, તા.૧૯

રાજયમાં છેલ્લા થોડા મહિનાથી હાર્ટએટેકથી નિધનની ઘટનામાં ચોંકાવનારો વધારો થયો છે. આવી જ વધુ એક ઘટના ડાયમંડ નગરી સુરતમાં બની છે. શહેરના નવાગામ ડીંડોલી વિસ્તારમાં સગર્ભા મહિલાનું હાર્ટ એટેકથી મોત થયું છે. ૩૬ વર્ષીય મહિલાને ૩ મહિનાનો ગર્ભ હતો. મહિલા સવારે વોશ ગયા બાદ અચાનક જ ગભરામણ થવા લાગી હતી. જેથી તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈને આવતા ફરજ પરના ડોક્ટરે તેમને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. ગર્ભવતી મહિલાના નિધનથી તેમના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. થોડા દિવસ પહેલા સુરતના જુદા જુદા વિસ્તારમાં ૧ મહિલા, ૫ પુરુષ સહિત ૬ લોકોના મોતથી હાહાકાર મચી ગયો હતો. છાતીના દુખાવા બાદ અલગ અલગ વિસ્તારમાં ૬ ના મોત ચકચાર મચી ગઈ હતી. નાની વયમા વધતા જતા હાર્ટએટેક બનાવમાં ૨૪ કલાકમાં ૬ લોકોનાં મોત થયા હતા. સચિન, સચિન જીઆઈડીસી, ગોદાડરા, ડભોલી, પાંડેસરામાં મળીને ૬ લોકોના હાર્ટએટેકથી મોત થયા હતા, જેમાં એક મહિલા અને પાંચ પુરુષ હતા. સુરતમાં છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ પાંડેસરાના ૪૩ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું. મૃતકનું નામ ડકુઆ રંકનિધિ કિર્તન ભૈરાબ હતું. મરનારને કોઈપણ બીમારી નહોતી. સુરતના ભેસ્તાન ભેરુ નગરમાં આ ઘટના બની હતી. બાથરૂમમાંથી ન્હાઈને નીકળ્યાં બાદ તેમને છાતીમાં દુખાવો થયો હતો. જે બાદ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. અચાનક મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. સિંગણપુર વિસ્તારમાં આવેલા ગોવિંદજી હોટલની બાજુમાં હરીનગર ખાતે રહેતા ૩૪ વર્ષીય યોગેશ કાનજીભાઈ મોરડીયાને વહેલી સવારે છાતીમાં દુખાવો થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા. અન્ય બનાવમાં સચિન કનકપુર વિસ્તારમાં ૪૦ વર્ષીય નયનાબેન રાઠોડ પરિવાર સાથે રહેતા હતા. બે દિવસ પહેલા સોસાયટીમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા, ત્યાંથી પરત ઘરે આવી ટીવી જોતા હતા ત્યારે શ્વાસ લેવામાં તકલીફ થઈ અને ત્યાં જ ઢળી પડ્યા હતા. જેથી પરિવારજનો તેમને હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

મૂળ રાજસ્થાનના હનુમાનગંજનો વતની અને હાલ સચિન રેલવે સ્ટેશન પાસેના તિલક એવન્યુમાં રહેતો ૨૭ વર્ષીય વિકાસ જગદીશ લખન રોજગારીની શોધમાં સુરત આવ્યો હતો. બુધવારે રાત્રે વિકાસ પરિવાર સાથે ટીવી જોઈ રહ્યો હતો. તે સમયે અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. તેણે પરિવારને છાતી અને પેટમાં દુખાવાની વાત કરી હતી. જેથી તેને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ જીવ બચી શક્યો નહોતો.

પાછી ખેંચાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્ક્યુલેશનમાં રહેલી નોટોના માત્ર ૧૦.૮% જેટલું જ ઘટીને ૩.૬૨ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

એવું પણ જોવામાં આવ્યું છે કે આ નોટોનો સામાન્ય રીતે વ્યવહારો માટે ઉપયોગ થતો નથી. વધુમાં, અન્ય નોટો બેંક નોટનો સ્ટોક લોકોની ચલણની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતો છે.

ક્લિનચિટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે તપાસ માટે વિશેષ સમિતિની રચના કરી હતી. હવે આ સમિતિનો રિપોર્ટ સામે આવ્યો છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અદાણી જૂથે તમામ લાભાર્થી માલિકોનો ખુલાસો કર્યો છે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે સેબી દ્વારા એવો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તેઓ અદાણીના લાભાર્થી માલિકોના ઘોષણાને નકારી રહ્યાં છે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણીનો રિટેલ હિસ્સો વધ્યો છે. રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે વર્તમાન નિયમો કે કાયદાનું પ્રથમ દ્રષ્ટીએ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સેબીપાસે હજુ પણ ૧૩ વિદેશી સંસ્થાઓ અને મેનેજમેન્ટ હેઠળ સંપત્તિ માટે ૪૨ યોગદાન આપનારાઓ વિશે પૂરતી માહિતી નથી.

ટ્વીટર પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે લોકો હવે આઠ જીબી સુધીના વીડિયો ટ્વીટર પર અપલોડ કરી શકશે.

જોકે બ્લુટીક વેરીફાઇડ સબસક્રિપ્શન ધરાવતા લોકો જ આ સેવાનો લાભ લઈ શકશે. ટ્વીટરની જાહેરાત બાદ લોકો ઉત્સાહમાં આવી ગયા છે અને કેટલાક લોકોએ તો ફિલ્મો પણ અપલોડ કરવાનું શરૂ કરી દીધું છે.

શપથ લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેબ્બલકર, મગડી બાલકૃષ્ણ જેવા સભ્યો ડીકે શિવકુમારના કેમ્પના છે. અન્ય તમામ સભ્યો હાઈકમાન્ડની ઈચ્છાથી પ્રધાન બનશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયંક ખડગેને પણ કેબિનેટમાં સ્થાન મળી શકે છે. આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેબિનેટમાં જ્ઞાતિના આધારે વિશેષ ધ્યાન આપવામાં આવશે.

ગરમી યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થળોએ થોડીક અવરજવર જોવા મળે છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે બરફગોળાની લારીઓ, ઠંડા પીણાની દુકાનો, આઈસક્રીમ પાર્લરો વગેરે પર ભીડ જોવા મળે છે. મહત્તમ તાપમાન ઉંચકાયુ છે તેની સાથે જ લઘુત્તમ તાપમાન પણ વધી રહ્યુ છે. લઘુત્તમ તાપમાનનો પારો ૨૮.૪ ડિ.સે. નોંધાતા રાત્રીના સમયે ખુબ ગરમી અનુભવાઈ હતી.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે યલો એલર્ટ આપ્યુ છે. રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સુકુ રહેશે અને આકરી ગરમી પડશે અને મહત્તમ તાપમાન ૪૧ થી ૪૨ ડિગ્રી રહી શકે છે.

બઢતીથી વંચિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે ગુણવત્તાના મામલે વિશેષ ધ્યાન કેન્દ્રીત થઈ શકે તેમ છે. જયારે ઘણાં સિનિયર કર્મચારીઓ હવે નિવૃતિના આરે છે. જેથી આવા કર્મચારીઓને પણ લાંબા સમયની નોકરીના અંતે બઢતીના લાભ વિના જ નિવૃત થઈને અન્યાયનો ભોગ બનવુ પડશે તેવો આક્રોશ ઉઠયો છે. કર્મચારી ઈજનેરોએ આ મામલે અગાઉ માર્ગ મકાન મંત્રી તેમજ વિભાગના સેક્રેટરીને પણ વારંવાર રજુઆત કરી હતી પરંતુ હજુ સુધી મદદનીશ ઈજનેરોની બઢતીના મામલે નિરાકરણ આવ્યુ નથી મદદનીશ ઈજનેરથી નાયબ કાર્યપાલક ઈજનેરની બઢતીની ફાઈલ આગળ વધતી નથી. છેલ્લા ત્રણ વર્ષથી આ મુદ્દે વિભાગમાં પણ અનેક તર્ક વિતર્ક વચ્ચે કર્મચારીઓમાં રોષની લાગણી પ્રગટ થતી જોવા મળે છે. માર્ગ મકાન વિભાગના કર્મચારીઓને બઢતીના મુદ્દે સમયસર ન્યાય મળે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

ચોમાસા પૂર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈનમાં ચોક અપ હોય તો તે શોધીને સફાઈ કરવા માટે પણ સુચના આપી દેવામાં આવી છે. જેમાં પોર, વાસણા, હડમતિયા , કુડાસણ, સરગાસણ, તારાપુર, ધોળાકુવા ઈન્દ્રોડા, રાયસણ, રાંદેસણ, કોબા અને વાવોલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર વરસાદી પાણીના નિકાલની લાઈન સહીત સફાઈ અને અન્ય જાળવણીના કામ કરવા એજન્સીઓ બંધાયેલી છે. જયારે આ મુજબની કામગીરી કરી હોવાનુ સર્ટીફીકેટ ફોટોગ્રાફ સહીત ગુડાને આપવાનુ ફરજિયાત કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જયાં પણ કામગીરી શરૂ કરવામાં આવે ત્યારે અને કામગીરી પુરી કરવામાં આવ્યા બાદના ફોટોગ્રાફ પાડીને સંબંધિત અધિકારીઓને વોટસએપ કરવા માટે પણ જરૂરી સુચના આપવામાં આવી છે.

ચિંતન શિબિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ દેશ અને દુનિયામાં ગુજરાતના વિકાસની નવી ઊંચાઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પ્રસ્થાપિત થઈ છે તેના પાયામાં વિકાસની રાજનીતિ અને ચિંતન શિબિરના સામૂહિક વિચાર ચિંતન રહેલા છે તેવો સૂર પણ વ્યક્ત કર્યો હતો.

તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી શાસનમાં આવ્યા એ પહેલાં રાજનીતિમાં વિકાસ શબ્દને કોઈ સ્થાન ન હતું. હવે વડાપ્રધાનશ્રીને પરિણામે વિકાસની રાજનીતિ વિકસી છે, વિકાસના આધારે જનાધાર- જનમત ઘડાઈ રહ્યા છે. અલગ અલગ રાજ્યો વચ્ચે વિકાસ બાબતે કમ્પેરીઝન અને હેલ્ધી કોમ્પિટિશન થઈ રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત વિકાસના મોટાભાગના માનાંકોમાં અગ્રેસર છે, ગુજરાતે દરેક ક્ષેત્રે લીડ લીધી છે. આપણી પાસે સંસાધનોની કોઈ કમી નથી ત્યારે એક પણ વ્યક્તિ લાભથી વંચિત ન રહે તે જોવા તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, સરદાર પટેલે આઝાદી બાદ ભારતને એક કર્યો, તેને શ્રેષ્ઠ બનાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. આ એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાકાર કરવા દેશના રાજ્યો વચ્ચે તેમની સારી બાબતોનું પરસ્પર આદાન પ્રદાન થાય તેવી વ્યવસ્થા તેમણે ઉભી કરી છે.

લલિતકલા અકાદમી દ્વારા પેઈન્ટીંગ, શિલ્પકલા અને છબીકલા માટે ગૌરવ પુરસ્કાર જાહેર કરાયા

ગાંધીનગર, તા.૧૯

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પેઈન્ટીંગ, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્રે નોંધપાત્ર અને ગણનાપાત્ર યોગદાન આપનારા ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરાય છે. આ માટે રાજ્ય સરકારે કુલ ૩૧ કલાકારોની પસંદગી યાદી જાહેર કરી છે. રાજ્ય સરકાર દ્વારા ખાસ સમારંભ યોજીને પસંદ થયેલા આ કલાકારોને રૂ. ૫૧ હજારનો પુરસ્કાર, શાલ અને તામ્રપત્ર વડે સન્માનિત કરવામાં આવશે, એમ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની યાદીમાં જણાવાયું છે. ગૌરવ પુરસ્કૃત કલાકારોને વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ માટે સન્માનિત કરવા કુલ ૩૧ કલાકારોની પસંદગી યાદી જાહેર કરાઈ છે, જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ ચિત્રકલા માટે જયંતીલાલ રાબડીયા, મિલન દેસાઈ, કશ્યપ પરીખ છબીકલા માટે અમુલ પરમાર હેમંતકુમાર પંડ્યા, દિનેશ ભાઈ પંચોલી, વર્ષ ૨૦૧૭-૧૮ ચિત્રકલા માટે ઉમેશકુમાર ક્યાડા, દિનુભાઈ પટેલ, કેશવભાઈ ટંડેલ, છબીકલા માટે વિપુલ લહેરી, રમેશ બારીયા, કલ્પિત ભચેચ, હિંમત પંચાલ, લાલજી પાનસુરીયા, પ્રતાપસિંહ સોલંકી, વર્ષ ૨૦૧૮-૧૯ ચિત્રકલા માટે અરવિંદ ઘોસાળકર, નરેન્દ્ર પટેલ, પ્રવિણા મહિચા, છબીકલા માટે વ્રજ મિસ્ત્રી, નિકુંજ વાગડીઆ, સાદીકસાહેબ સૈયદ, વર્ષ ૨૦૧૯-૨૦ ચિત્રકલા માટે મહેન્દ્ર પરમાર, કાંતિલાલ પંચાલ, કનુભાઈ પંચાલ, છબીકલા માટે દેવજીભાઈ શ્રીમાળી, રાજેશકુમાર પટેલ, સિદ્ધાર્થ રાઠોડ, કનુભાઈ પારૂપરલા, રાજેશ મૂળીયા, બીના પટેલ અને નથુભાઈ ગરચ (રેતિશિલ્પ માટે)નો સમાવેશ થાય છે.